# તાપી, ડાંગ,નવસારીની ડિસ્ટ્રિક્ટ બેંક બનશે

**સુડિકોમાંથી** તાપી અને વલસાડ ડિસ્ટ્રિક્ટ બેંકમાંથી નવસારી, ડાંગની ડિસ્ટ્રિક્ટ બેંક બનશે

**સુડિકો** બેંકની 116માંથી 22, વલસાડ ડિસ્ટ્રિક્ટ બેંકની 34માંથી 3 ડાંગ, 4 શાખા નવસારીમાં છે

### સુરત ડિસ્ટ્રિક્ટ બેંકમાં તાપી જિલ્લાનો કુલ બિઝનેસ 13% જેટલો

- » તાપી જિલ્લાની કુલ થાપણો 985.02 કરોડ
- » તાપી જિલ્લામાં અપાયેલું ધિરાણ 596.17 કરોડ
- » તાપી જિલ્લાનો કુલ બિઝનેસ 1581.19 કરોડ
- » સુરત ડિસ્ટ્રિક્ટ બેંકની કુલ થાપણો 10295 કરોડ
- » સુરત ડિસ્ટ્રીક્ટ બેંકનું કુલ ધિરાણ 3685 કરોડ
- » સુરત ડિસ્ટ્રીક્ટ બેંકનો કુલ બિઝનેસ 13,980 કરોડ

### સુડિકો બેંકની ચૂંટણી ટળશે, કસ્ટોડિયન બેસે એવી શક્યતા

સુરત ડિસ્ટ્રિક્ટ કો. ઓપ. બેંકનું વિભાજન કરી તાપી ડિસ્ટ્રીક્ટ કો. ઓપ.બેંક બનાવવાના નિર્ણયથી સુરત ડિસ્ટ્રિક્ટની ચૂંટણી સમયસર થશે કે કેમ એવી પ્રશ્નાર્થ ઊભો થયો છે. બેંકની વ્યવસ્થાપક કમિટીની મુદત પૂર્ણ થઈ રહી છે ત્યારે કાર્યકારી વ્યવસ્થાપક કમિટી બને અથવા સરકાર સુમુલની જેમ કસ્ટોડિયન બેસાડશે એવી ચર્ચા એ જોર પકડ્યું છે. બેંકનું વિભાજન થતાં સુમુલનું વિભાજન થાય એ શક્યતા પણ ચર્ચાઈ રહી છે.

### નવી બેંકો કઇ રીતે ઊભી થશે? તાપી, નવસારી, ડાંગને રિઝર્વ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફંડ કેટલું મળશે કેટલું કોઈ ક્લેરિટી નથી : દર્શન નાયક

સહકારી અને સુરત જિલ્લા પંચાયતના વિપક્ષના પૂર્વ નેતા દર્શન નાયકે જણાવ્યું હતું કે, સરકારનો આ નિર્ણય આગામી જિલ્લા તાલુકા પંચાયતની ચૂંટણીને કેન્દ્રમાં રાખી લેવાયેલો રાજકીય નિર્ણય છે. ડાંગ અને નવસારી જિલ્લાઓમાં તો મધ્યસ્થ બેંકની 3/4 શાખાઓ જ છે. એમાં કંઇ રીતે નવી મધ્યસ્થ બેંક ઊભી થાય? સરકારે એનું ફ્રેમવર્ક જાહેર કર્યું નથી માત્ર જાહેરાત કરી છે. આ વિભાજનથી આદિવાસી બહુલ જિલ્લાઓને શું લાભ ગેરલાભ થશે? એનો અમે અભ્યાસ કરી રહ્યા છીએ. તાપી, અરવલ્લી, છોટા ઉદેપુર, દાહોદ અને નવસારી જિલ્લાની મધ્યસ્થ બેંક બનાવવા માટે જે તે જિલ્લાની મૂળ ડિસ્ટ્રીક બેંકમાંથી નાબાર્ડ, આરબીઆઈ સરખે સરખું રિઝર્વ ફંડ ફાળવશે. સરકારે એ સ્પષ્ટ કર્યું નથી. કારણકે, આદિવાસી જિલ્લાઓના નેટવર્ક અને શાખાઓ ઓછી છે. ત્યારે નવી મધ્યસ્થ બેંકો ઊભી કરવા ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ કેટલું ફંડ ફાળવશે એ પણ જાહેર કર્યું નથી. અમે સરકાર પાસે પૂરતી સ્પષ્ટતા મેળવીને જ આગળની અધિકૃત પ્રતિક્રિયા આપીશું.

ગાંધીનગર, સુરત : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી આજે કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં ખેડૂતો અને ગ્રામીણ નાગરિકોની સુવિધામાં વધારો કરવા માટે આ નવી 9 જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના કરવા માટે સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

ગુજરાતના સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણીની જાહેરાત મુજબ ગુજરાતની સૌથી સમૃદ્ધ જિલ્લા મધ્યસ્થ બેંક પૈકીની એક સુરત ડિસ્ટ્રિક્ટ બેંકમાંથી તાપી ડિસ્ટ્રિક્ટ બેંક બનશે. એવી જ રીતે વલસાડ ડિસ્ટ્રિક્ટ બેંકમાંથી ડાંગ અને નવસારી જિલ્લાની ડિસ્ટ્રિક્ટ બેંક અલગ બનશે. આ સ્થિતિમાં ઘણા સહકારી આગેવાનોના સહકારી ક્ષેત્રમાં સમીકરણો બદલાશે. સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના 13,980 કરોડના કુલ બિઝનેસમાં તાપી જિલ્લાની થાપણો 985.02 કરોડ અને ધિરાણ 596.17 કરોડ મળી કુલ બિઝનેસ 1581.19 જ રહ્યો છે. સુરત ડિસ્ટ્રિક્ટ બેંકના 13,980 કરોડના કુલ બિઝનેસમાં કુલ થાપણો રૂપિયા 10295 કરોડ અને ધિરાણ 3685 કરોડ નોંધાયું છે. સૂડીકો બેંકની 116 માંથી માત્ર 22 શાખાઓ તાપી જિલ્લામાં છે. જ્યારે વલસાડ ડિસ્ટ્રીક બેંકની 34 માંથી 3 ડાંગમાં અને 4 થી 5 શાખાઓ નવસારીમાં છે. રાજ્યની વર્તમાન સહકારી બેંકોના વિભાજનથી નવી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકોની રચના થશે. જેમાં, પંચમહાલ બેંકના વિભાજનથી દાહોદ જિલ્લામાં, સાબરકાંઠા બેંકના વિભાજનથી અરવલ્લી જિલ્લામાં, સુરત બેંકના વિભાજનથી તાપી જિલ્લામાં, વડોદરા બેંકના વિભાજનથી છોટાઉદેપુર જિલ્લામાં, જામનગર બેંકના વિભાજનથી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં, જૂનાગઢ બેંકના વિભાજનથી પોરબંદર જિલ્લામાં, ખેડા બેંકના વિભાજનથી આણંદ જિલ્લામાં તેમજ વલસાડ બેંકના વિભાજનથી ડાંગ અને નવસારી જિલ્લામાં નવી બેંકોની રચના થશે.

# મહોત્સવો પાછળ અબજોનો ખર્ચ અને પોલીસ માટે પગારનાં ફાંફાં

**સોશિયલ** મીડિયા પર પોલીસના પગાર માટે ગ્રાન્ટ નહીં હોવાના પરિપત્રની વિગતો વાઈરલ થતાં સરકાર મૂંઝવણમાં

**ડે.સીએમ** હર્ષ સંઘવી દ્વારા પગલાં લેવામાં આવી રહ્યાની પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીની સ્પષ્ટતા

**પોલીસના** પગારની ગ્રાન્ટનો અભાવ કેવી રીતે આવ્યો? તિજોરી પરનું ભારણ શું? સરકારે આ બાબતે ખુલાસો કરવો જોઈએ: કોંગ્રેસ

ગાંધીનગરઃ એક તરફ રાજય સરકાર મહોત્સવો અને સરકારી કાર્યક્રમો પાછળ કરોડો રૂપિયા ખર્ચી રહી છે ત્યારે રાજયની સુરક્ષા માટે દિવસ - રાત કામ કરી રહેલી પોલીસ માટે પગારની ગ્રાન્ટ નહીં હોવાની વિગતો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ જતાં રાજય સરકાર મૂંઝવણ ભરી સ્થિતિમાં મૂકાઈ જવા પામી હતી. ખાસ કરીને ગુજરાત કોંગ્રેસે આજે રાજય સરાકરની આકરી ટીકા કરી હતી.

કોંગ્રેસના પ્રવક્તા ડો. મનીશ દોશીએ કહ્યું હતું કે, આ ઘટના રાજય સરકારનો દિવાળીયા વહીવટનો વધુ એક પુરાવો છે. રાજય સરકારનું 4 લાખ કરોડનું દેવું ગુજરાત પર થયું છે ત્યારે હવે રાજ્યની સુરક્ષા અને કાયદો વ્યવસ્થા સાચવવા કામ કરતી પોલીસનો પગાર મોડો થવાનો છે.

પોલીસના તમામ કર્મચારીઓ/ અધિકારીઓને જણાવવાનું કે, ગ્રાન્ટના અભાવે ડિસેમ્બર માસનો પગાર થવામાં વિલંબ થશે. રાજયમાં 1 લાખ ગુજરાત પોલીસ છે, પગાર કરવાની ગ્રાન્ટની અભાવ હોવાનો મામલો સામે આવ્યો છે. રાજ્યની તમામ પોલીસ કચેરીઓ ડિસેમ્બર 2025ના પગાર બીલો સમય સર કરી શકાય તેમ નથી તેવો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે.

પોલીસના પગારની ગ્રાન્ટનો અભાવ કેવી રીતે આવ્યો? તિજોરી પરનું ભારણ શું ? સરકારે આ બાબતે ખુલાસો કરવો જોઈએ. રાજય સરકારના કેબિનેટ પ્રવક્તા જીતુ વાઘાણીએ કહ્યું હતું કે, સમગ્ર બાબત ડે સીએમ હર્ષ સંઘવીના ધ્યાને આવી છે, તેઓ પગલા લઈ રહ્યા છે. આ બાબતનો ઉકેલ આવી જશે. ઉલ્લેખનીય છે કે, પગાર મોડો થશે તો અનેક પોલીસ પરિવારો રાજ્યમાં મુશ્કેલીમાં મુકાઈ શકે તેમ છે.

# નવા ડીજીપીનો ચાર્જ ડો. કે.એલ.એન. રાવને સોંપાયો, વિકાસ સહાય નિવૃત્ત

**રાવ** હાલમાં સીઆઈડી ક્રાઈમ અને રેલવેના વડા તરીકે ફરજ બજાવતા હતા

### સિનિયર મોસ્ટ ડો.સમશેરસિંઘ છે, પરંતુ તેઓ ડેપ્યુટેશન પર હોવાથી રાવ મુકાયા

રાજ્યના પોલીસ વડા તરીકે સિનિયર અધિકારીને મૂકવામાં આવે છે. ગુજરાત કેડરમાં આમ તો સિનિયર મોસ્ટ 1991ની બેચના આઇપીએસ અધિકારી ડો. શમશેરસિંઘ છે પરંતુ હાલ તેઓ ડેપ્યુટેશન પર નવી દિલ્હીમાં ફરજ બજાવી રહ્યાં છે. તેમના પછીના ક્રમે આવતા મનોજ અગ્રવાલ સપ્ટેમ્બર મહિનામાં જ વયનિવૃત્ત થઇ ચૂક્યાં છે. વિકાસ સહાયને આજે છેલ્લા દિવસે વિદાયમાન આપવામાં આવ્યું હતું.

### ડો. કે.એલ.એન. રાવ મૂળ તેલંગાણાના વતની છે

સિનિયર આઇપીએસ ડો. રાવની શૈક્ષણિક કારકિર્દી એમએસસી, પીએચડી, ડિપ્લોમા ઇન મેનેજમેન્ટ, આઇઆઇએમ-બેંગલુરૂ છે. તેઓ મૂળ તેલંગાણાના વતની છે. આ પદ માટે છેલ્લા ઘણાં સમયથી અનેક નામોની અટકળો વહેતી થઇ હતી, જેમાં અમદાવાદના પોલીસ કમિશનર અને 1993ની બેચના આઇપીએસ જી એસ મલિકનું નામ પણ સામેલ હતું. છેવટે સિનિયોરિટી પ્રમાણે સરકારે અત્યારે ઇન-ચાર્જ તરીકે નિયુક્તિ કરી છે.

ગાંધીનગરઃ ગુજરાતના પોલીસ વડા (ડીજીપી) તરીકે અન્ય હુકમ ન થાય ત્યાં સુધી રાજ્ય સરકારે 1992ની બેચના આઈપીએસ અધિકારી ડો. કે લક્ષ્મીનારાયણ રાવની ઈન-ચાર્જ ડીજીપી પદે નિયુક્તિ કરી છે. જો કે પૂર્ણકક્ષાના ડીજીપીની નિયુક્તિ હવે પછી થશે.આજે સાંજે વિકાસ સહાયનો કાર્યકાળ પૂર્ણ થતાં વિદાય સમારંભ યોજાયો હતો. નવનિયુક્ત ઈન્ચાર્જ ડીજીપી ડો. કે લક્ષ્મીનારાયણ રાવે રાજ્યમાં અલગ અલગ જગ્યાએ ફરજો બજાવી છે. તેઓ હાલ પોલીસ મહાનિર્દેશક, સીઆઈડી (ક્રાઈમ અને રેલવે) તરીકે ફરજ બજાવી રહ્યાં છે. તેમને આ વધારાનો હવાલો આપવામાં આવ્યો છે. આ પહેલાં તેઓ જેલ વિભાગના વડા રહી ચૂક્યાં છે. આ ફરજ દરમ્યાન તેમણે ખેલ હૈ તો જીવન હૈ.. જેવા કાર્યક્રમો કર્યા હતા. રાજ્યની જેલોમાં તેમની ભૂમિકા અને માર્ગદર્શનના ઉલ્લેખો સરકારી અને સોશ્યલ મિડીયા પ્લેટફોર્મ પર જોવા મળે છે. તેમણે જેલ સુધારણા, કેદીઓમાં સદભાવના અને ઉત્સાહ વધારવા માટે અનેક પહેલ કરી છે.




# ઓલપાડ તા.નિ. કર્મચારી મંડળનો સુવર્ણજયંતી મહોત્સવ ઉજવાયો

સુરતઃ ઓલપાડ તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળનાં પ્રમુખ કરસનભાઈ આઈ. પટેલ જણાવે છે કે, મંડળની સ્થાપનાને 50 વર્ષ પૂર્ણ થતાં સુવર્ણ જયંતિ મહોત્સવ તા.28/12/25નાં રોજ ખૂંટાઈ માતાનાં મંદિર મુકામે ઓલપાડમાં માજી પ્રમુખ ભગુભાઈ બી. પટેલનાં અધ્યક્ષ સ્થાને યોજવામાં આવ્યો હતો. સભારંભનો શરૂઆત ખૂંટાઈ માતાની સ્તુતિથી ઉધ્ધોષક સુરેશભાઈ પટેલે કરી. પ્રાર્થના અને સ્વાગતગીત ગાયત્રી પરિવારની બાળાઓ દ્વારા રજુ થયા. પછી પ્રમુખએ શાબ્દિક સ્વાગત કર્યું. અને દરેક મંચસ્પ મહાનુ ભાવોનું સાલ, બૂકે, મોમેન્ટો અને પ્રેજન્ટ વડે સ્વાગત કરવામાં આવ્યું. બીજા તબક્કામાં મુખ્ય વક્તા અને રાજકોટ જીલ્લા પૂર્વ તિજોરી અધિકારી નરેન્દ્રભાઈ વિકલાણીનું ''પેન્સરોની મૂંજવણો અને તેનો ઉકેલ ''વિષય ઉપર પ્રવચન થયું. દરજીએ સંગઠન અને આર્થિક મદદની વાતો કરી. ઉપપ્રમુખ મોહનભાઈ પટેલની આભાર વિધિ અને ઈશ્વરભાઈ પટેલ દ્વારા રાષ્ટ્રગીત ગવડાવીને સભા સમાપન કરાઈ હતી. સમારંભમાં માંડવી, કામરેજ, નેત્રંગ, વાલિય, બારડોલી, ભરૂચનાં પ્રમુખ ઉપપ્રમુખ, મંત્રી હાજરી આપી હતી તથા 100 જેટલા આમંત્રિતો અને 400 જેટલા સભાસદોએ હાજરી આપી હતી.

# ગ્રાહક કમિશનમાં પ્રમુખ ન્યાયાધીશ અને સભ્યોની અનેક જગ્યાઓ ખાલી

**ગુજરાત** રાજ્યમાં 38 જિલ્લા ગ્રાહક કમિશનો પૈકી 26 પ્રમુખ ન્યાયાધીશની જગ્યા ખાલી

**સુરત** જિલ્લાના બે કમિશનો મળી હાલમાં લગભગ 10,000થી વધુ ગ્રાહકોની ફરિયાદ પેન્ડિંગ

### ઉત્તરપ્રદેશ પ્રથમ, ગુજરાત દ્વિતીય અને બિહાર તૃતીય સ્થાને

દેશભરમાં વિવિધ રાજ્યોમાં ગ્રાહક સુરક્ષા ધારા હેઠળ રચાયેલા જિલ્લા ગ્રાહક કમિશનોમાં ખાલી પડેલી જગ્યાઓના આંકડાઓ જોવામાં આવે તો ઉત્તરપ્રદેશ પ્રથમ, ગુજરાત દ્વિતીય અને બિહાર તૃતીય સ્થાને આવે છે. ગુજરાતની સ્થિતિ વિશેષ ચિંતાજનક બની છે. કારણ કે, હાલ કાર્યરત 38 જિલ્લા કમિશનોમાંથી મોટા ભાગનાં કમિશનો પૂરતી સંખ્યામાં પ્રમુખો અને સભ્યો વિના ચાલી રહ્યાં છે.

### ગ્રાહક સુરક્ષા અને ન્યાયની વ્યવસ્થા અખંડિત રહે તે માટે સરકાર ત્વરિત નિર્ણય લે: એડ્વોકેટ શ્રેયસ દેસાઈ

ગ્રાહક સુરક્ષાના જાણીતા એડ્વોકેટ શ્રેયસ દેસાઈ, પ્રાચી અર્પિત દેસાઈ અને ઈશાન શ્રેયસ દેસાઈએ જણાવ્યું હતું કે, સુરત સહિત ગુજરાતના વિવિધ જિલ્લાઓના ગ્રાહક કમિશનોના પ્રમુખો તથા સભ્યોએ સુપ્રીમ કોર્ટના ચુકાદા મુજબ પોતાની મુદત લંબાવી આપવા માટે રાજ્ય સરકારને અરજીઓ કરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે વિકાસનાં અનેક ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી કરી છે. હવે ગ્રાહક સુરક્ષા અને ન્યાયની વ્યવસ્થા અખંડિત રહે એ માટે સુપ્રીમ કોર્ટના નિર્દેશો અને ગુજરાત હાઇકોર્ટના સૂચનો મુજબ સરકાર દ્વારા ત્વરિત અને યોગ્ય નિર્ણય લેવામાં આવશે તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સુરતઃ ગુજરાત રાજ્યમાં ગ્રાહક સુરક્ષા માટે રચાયેલા જિલ્લા ગ્રાહક કમિશનોમાં પ્રમુખ ન્યાયાધીશો અને સભ્યોની મોટી સંખ્યામાં ખાલી પડેલી જગ્યાઓને કારણે ગ્રાહકોને ન્યાય મેળવવામાં ભારે વિલંબ અને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. રાજ્યનાં કુલ 38 જિલ્લા ગ્રાહક કમિશનો પૈકી 26 કમિશનોમાં પ્રમુખ ન્યાયાધીશની જગ્યા ખાલી પડી છે. જ્યારે કુલ 76 સભ્યમાંથી 46 સભ્યની જગ્યાઓ હાલ ખાલી છે. રાજ્યના 8 કમિશનોના પ્રમુખોની મુદત તા.31 માર્ચ, 2026ના રોજ પૂર્ણ થવાની છે. એ જ રીતે બાકી રહેલા સભ્યોની મુદત પણ 31 માર્ચ, 2026 સુધી છે. આવી સ્થિતિમાં 1 એપ્રિલ, 2026થી ગુજરાત રાજ્યના મોટા ભાગના જિલ્લા ગ્રાહક કમિશનોમાં પ્રમુખો અને સભ્યોની મોટાભાગની જગ્યાઓ ખાલી થવાની ગંભીર પરિસ્થિતિ સર્જાશે. જેના કારણે ગ્રાહકોને ન્યાય આપવાનું ખાસ કરીને રચાયેલું માળખું નબળું પડી જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

સુરત જિલ્લાની સ્થિતિ તો વધુ ચિંતાજનક છે. સુરત જિલ્લામાં બે જિલ્લા ગ્રાહક કમિશનો કાર્યરત છે, જેમાં મેઈન જિલ્લા કમિશનના પ્રમુખની મુદત અગાઉ પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે એડિશનલ જિલ્લા કમિશનના પ્રમુખની મુદત તા.31 ડિસેમ્બર, 2025ના રોજ પૂર્ણ થઈ ગઈ છે. ઉપરાંત એડિશનલ જિલ્લા કમિશનમાં સભ્યોની બે જગ્યા પણ ખાલી છે. બંને કમિશનોમાં મળીને હાલમાં 10,000થી વધુ ગ્રાહક ફરિયાદો પેન્ડિંગ છે, એટલે કે આશરે 20,000 પક્ષકારો ન્યાયની રાહ જોઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને તત્કાલીન કેન્દ્રીય ગ્રાહક સુરક્ષા મંત્રી સ્વ. રામવિલાસ પાસવાને ખાસ રસ લઈને ગ્રાહકોની ફરિયાદોનો ઝડપી અને અસરકારક નિવારણ થાય તે હેતુથી નવો ગ્રાહક સુરક્ષા ધારો-2019 અમલમાં મૂક્યો હતો. આ સંદર્ભમાં સુપ્રીમ કોર્ટ ઓફ ઈન્ડિયાએ ગણેશકુમાર રાજેશ્વરરાવ સેલુકર તથા અન્ય વિરુદ્ધ મહેન્દ્ર ભાસ્કર લીમયે તથા અન્યના કેસમાં 2025માં આપેલા હુકમમાં સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે જિલ્લા કમિશનોના પ્રમુખો અને સભ્યોની નવી નિમણૂક માટે નવા નિયમો ઘડવામાં આવે અને ત્યાં સુધી કાર્યવાહી અટકી ન જાય તે માટે હાલના પ્રમુખો તથા સભ્યોને નવી નિમણૂક થાય ત્યાં સુધી તેમની મુદત લંબાવી આપવામાં આવે. વધુમાં તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્પેશિયલ સિવિલ એપ્લિકેશનમાં પણ રાજ્ય સરકારને ગ્રાહકોના હિતને નુકસાન ન થાય તે રીતે તાત્કાલિક નિર્ણય લેવા માટે આશા વ્યક્ત કરવામાં આવી છે.

## અનુસંધાન... પાના પહેલાનું

### ફરીદાબાદમાં બે સંતાનની...

અધિકારીઓએ જણાવ્યું હતું કે, ત્રણ બાળકોની માતા પર હુમલાએ 13 વર્ષ પહેલાં ડિસેમ્બરની બીજી ઠંડી રાત્રે નિર્ભયા બળાત્કારની ભયાનકતાની યાદ તાજી કરાવી હતી.

સોમવાર મોડી રાત્રે આ ઘટના બની હતી આ મહિલા બસ કે ટેક્સીની જેવા પરિવહનની રાહ જોઈ રહી હતી ત્યારે બે આરોપીઓએ તેને લિફ્ટ આપી હતી. તેને તેના ગંતવ્ય સ્થાન પર લઈ જવાને બદલે બંને ગુરુગ્રામ તરફ ગાડી લઈ ગયા હતા અને કારમાં તેના પર બળાત્કાર કર્યો હતો, એમ પોલીસે જણાવ્યું.

પોલીસે જણાવ્યું હતું કે આખી રાત કારને એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ ગયા બાદ પરોઢે 3 વાગ્યે રાજા ચોક નજીક 90 કિમી પ્રતિ કલાકથી વધુની ઝડપે ચાલતા વાહનમાંથી તે મહિલાને ફેંકી દેવામાં આવી હતી.

તેના ચહેરા અને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી અને તેને 12થી વધુ ટાંકા આવ્યા હતા. તેની હાલત ગંભીર છે, અને તે હજુ સુધી નિવેદન નોંધાવી શકે તેવી સ્થિતિમાં નથી, એમ પોલીસે જણાવ્યું હતું.

મહિલાની બહેન દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, વૈવાહિક ઝઘડાને કારણે તે તેના માતાપિતાના ઘરે રહી રહી હતી. તે સોમવારે સાંજે સેક્ટર 23માં તેના મિત્રના ઘરે ગઈ હતી અને મોડી રાત્રે પરત ફરતી વખતે, આરોપીઓએ તેને લિફ્ટ ઓફર કરી હતી.

મહિલાએ તેની બહેનને ફોન કર્યો, જે ઘટનાસ્થળે પહોંચી અને તેને હોસ્પિટલ લઈ ગઈ હતી.

આરોપીઓ ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશના વતની છે અને હાલમાં ફરીદાબાદમાં રહે છે. મહિલા તેમને ઓળખતી નથી, અને ઓળખ પરેડ થયા પછી તેમની ઓળખ જાહેર કરવામાં આવશે. ગુનામાં વપરાયેલી વાન જપ્ત કરવામાં આવી છે, અને આરોપીઓએ ગુનો કબૂલી લીધો છે, એમ પોલીસે જણાવ્યું હતું.

### ભારતીય અર્થતંત્રનો...

પ્રણાલી મજબૂત અને સ્થિતિસ્થાપક રહે છે, જે મજબૂત બેલેન્સશીટ, સરળ નાણાકીય પરિસ્થિતિઓ અને નાણાકીય બજારોમાં ઓછી અસ્થિરતા દ્વારા સમર્થિત છે. જો કે, કેન્દ્રીય બેંકે ચેતવણી આપી છે કે ભૌગોલિક રાજકીય તણાવ અને બાહ્ય વેપાર સંબંધિત અનિશ્ચિતતાઓ નજીકના ભવિષ્યમાં કેટલાક જોખમો ઉભી કરી શકે છે.

આરબીઆઈ દ્વારા હાથ ધરવામાં આવેલા 'મેક્રો સ્ટ્રેસ ટેસ્ટ'ના પરિણામો પણ સકારાત્મક આવ્યા છે. આ તારણો પુષ્ટિ કરે છે કે અનુસૂચિત વ્યાપારી બેંકો કોઈપણ કાલ્પનિક પ્રતિકૂળ પરિસ્થિતિમાં થયેલા નુકસાનને સહન કરી શકે છે. બેંકો પાસે નિયમનકારી થ્રેશોલ્ડ કરતા વધુ મૂડી બફર છે. આ ઉપરાંત મ્યુચ્યુઅલ ફંડ્સ અને ક્લિયરિંગ કોર્પોરેશનની સ્થિતિ પણ કટોકટીના સમયે સ્થિર રહેવાની પુષ્ટિ થઈ છે.

રિપોર્ટની પ્લાવતમાં આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ નાણાકીય વ્યવસ્થાની મજબૂતી પર ભાર મૂકતા લખ્યું હતું કે, નાણાકીય સ્થિરતા જાળવવી અને નાણાકીય પ્રણાલીને મજબૂત બનાવવી એ અમારો 'નોર્થ સ્ટાર' છે. ગવર્નરે સ્પષ્ટ કર્યું કે નીતિ ઘડવૈયાઓનું સૌથી મહત્વપૂર્ણ યોગદાન એવી નાણાકીય પ્રણાલી બનાવવાનું છે જે આંચકાઓનો સામનો કરી શકે, સેવાઓની ડિલિવરીમાં કાર્યક્ષમ હોય અને જવાબદાર નવીનતાને પ્રોત્સાહન આપે.

બેંક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટ મદન સબણવીસ કહે છે કે મજબૂત સ્થાનિક અર્થતંત્ર અને નિકાસ વૈવિધ્યકરણે ટેરિફ યુદ્ધ હોવા છતાં ભારતને સ્થિતિસ્થાપક રાખ્યું છે. તે જ સમયે, ICRAના ચીફ ઈકોનોમિસ્ટ અદિતિ નાયરે અંદાજ લગાવ્યો છે કે નાણાકીય વર્ષ 2027 માં વૃદ્ધિ દર 6.5 થી 7 ટકાની વચ્ચે રહેશે, જ્યારે ફુગાવો 4 ટકાના આરામદાયક સ્તરે રહી શકે છે. ક્રિસિલના ચીફ ઈકોનોમિસ્ટ ધર્મકીર્તિ જોશીએ ચેતવણી આપી છે કે ભારત પર વૈશ્વિક પડકારોની અસર ઓછી છે, પરંતુ અમેરિકા દ્વારા મનસ્વી ટેરિફની અસર વિદેશી રોકાણકારોના સેન્ટિમેન્ટને અસર કરી શકે છે.

### કાશ્મીરમાં જેહાદ...

આપી છે. તેણે કાશ્મીરમાં જેહાદ ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી છે. ઓપરેશન સિંદૂર પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ બાદ લશ્કરના આ બંને નેતાઓના નિવેદનો આવ્યા છે.

અહેવાલ મુજબ, લશ્કર-એ-તૈયબાએ લાહોરમાં એક મોટો કાર્યક્રમ યોજ્યો હતો. આ કાર્યક્રમ દરમિયાન, લશ્કરના ટોચના નેતાઓએ ભારત સામે ઉગ્ર ધમકીઓ આપી હતી. પોતાના કાર્યકરોને સંબોધતા, સૈફુલ્લાહ કસુરીએ જાહેર કર્યું કે આ જૂથ "મિશન કાશ્મીરથી ક્યારેય પાછળ નહીં હટે." તેમણે કાશ્મીરમાં સતત હિંસાને યોગ્ય ઠેરવવા માટે ધાર્મિક વાણીકલાનો પણ ઉપયોગ કર્યો. કસુરીએ સ્વીકાર્યું છે કે ભારતના ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનમાં આતંકવાદી માળખાનો નાશ થયો હતો

કસુરીએ કહ્યું કે જેઓ અમને આતંકવાદી કહે છે, સાંભળો, અમે જેને યોગ્ય કારણ કહીએ છીએ તેના માટે લડતા રહીશું અને અમારા કાશ્મીરી ભાઈઓ અને બહેનોને ક્યારેય છોડીશું નહીં. તેમણે ભારતની ચેતવણીઓને ઓછી મહત્વ આપવાનો પણ પ્રયાસ કર્યો. કસુરીએ દાવો કર્યો કે ભારત તરફથી ધમકીઓનું કોઈ વાસ્તવિક મૂલ્ય નથી, અને ભારપૂર્વક કહ્યું કે લશ્કર જાણે છે કે તેના દુશ્મન સાથે કેવી રીતે વ્યવહાર કરવો. કસુરીએ લશ્કરના સ્થાપક હાફિઝ સઈદ (અમીર-એ-મોહતારામ) ને પણ કાર્યકરોને આશ્વાસન આપવા માટે બોલાવ્યા.

### દિલ્હી ડાયરી...

હેઠળ લોકસભા અને વિધાનસભા ચૂંટણીઓને એકસાથે કરાવવા માટે બે બિલ રજૂ કર્યાના બરાબર એક વર્ષ પછી બિલોની તપાસ કરતી સંયુક્ત સંસદીય સમિતિએ તાજેતરમાં સંસદના શિયાળુ સત્ર દરમિયાન એક બેઠક યોજી હતી. એક રાષ્ટ્ર- એક ચૂંટણી બિલ પરની તેની ચર્ચામાં સમિતિએ ભારતના ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશોથી લઈને અર્થશાસ્ત્રીઓ અને શિક્ષણવિદો સુધીના નિષ્ણાતોની સલાહ લીધી છે, પરંતુ એકસાથે ચૂંટણીઓ લાગુ કરવા માટે સૌથી મહત્ત્વપૂર્ણ હિસ્સેદાર ભારતના ચૂંટણી પંચે હજી સુધી સમિતિ સાથે આ બાબતે ચર્ચા કરી નથી. ભારતના ચૂંટણી પંચ દ્વારા અલગ-અલગ શેડ્યુલના કારણે અગાઉની બેઠક રદ કરવામાં આવ્યા પછી એવું જાણવા મળ્યું છે કે, બેઠકની શક્યતા ફક્ત નવા વર્ષની શરૂઆતમાં જ છે.

# રેલવેએ ચાર ટ્રેનોને લંબાવી

સુરતઃ પશ્ચિમ રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી વિનીત અભિષેકની અખબારી યાદી અનુસાર ટ્રેન નં.04828 બાંદ્રા ટર્મિનસ - ભગત કી કોઠી સ્પેશિયલ 01 ફેબ્રુઆરી, 2026 સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. 04827 ભગત કી કોઠી - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ 31 જાન્યુઆરી, 2026 સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નં. ૦૯૬૨૨ બાંદ્રા ટર્મિનસ - અજમેર સ્પેશિયલ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નં. ૦૯૬૨૧ અજમેર - બાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ ૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે.

ટ્રેન નં. ૦૯૦૫૭ ઉધના - મેંગલુરુ સ્પેશિયલ ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૦૫૮ મેંગલુરુ - ઉધના સ્પેશિયલ ૨૯ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર 09059 ઉધના - ખુર્દા રોડ સ્પેશિયલ 25 ફેબ્રુઆરી, 2026 સુધી લંબાવવામાં આવી છે.તેવી જ રીતે, ટ્રેન નંબર 09060 ખુર્દા રોડ - ઉધના સ્પેશિયલ 27 ફેબ્રુઆરી, 2026 સુધી લંબાવવામાં આવી છે. ટ્રેન નંબર 04828 અને 09622નું બુકિંગ 1 જાન્યુઆરી, 2026થી ખૂલશે. જ્યારે ટ્રેન નંબર 09057 અને 09059 માટે બુકિંગ 2 જાન્યુઆરી, 2026થી બધાં PRS કાઉન્ટર અને IRCTC વેબસાઈટ પર ખૂલશે.

# દક્ષિણ ગુજરાતના ભાજપના સંગઠનના પ્રભારી તરીકે પ્રશાંત કોરાટની નિમણૂક

ગાંધીનગરઃ પ્રદેશ ભાજપના અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માએ આજે પ્રદેશ મહામંત્રીઓને ચાર ઝોનમાં સંગઠનની જવાબદારી સોંપી છે.

જેમાં પ્રશાંત કોરાટને દક્ષિણ ગુજરાત, અનિરૂદ્ધ દવેને સૌરાષ્ટ્રની, અજય બ્રહ્મભટ્ટને ઉત્તર ગુજરાત ઝોનની તથા હિતેન્દ્રસિંહ ચોહાણને મધ્ય ગુજરાતની સંગઠનની જવાબદારી સોંપી છે. તાજેતરમાં પ્રદેશ ભાજપના નવા સંગઠનીય માળખાની જાહેરાત કરાઈ છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### બિલ્ડર અને...

સાંજના સમયે હથિયાર પોતાની જગ્યાએ ન દેખાતા પરિવારજનોએ તપાસ શરૂ કરી હતી. ઘરમાં કામ કરનાર નોકર પણ તે દરમિયાન ગાયબ હોવાનું ધ્યાનમાં આવતા શંકા વધુ મજબૂત બની હતી. ત્યારબાદ સમગ્ર મામલે મનુભાઈ માંગુકીયાએ અલથાણ પોલીસનો સંપર્ક કરી નોકર વિરુદ્ધ ચોરીની ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે અલથાણ પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ દ્વારા નોકર પ્રવિણના સંપર્કો, અગાઉનું સરનામું અને સંભવિત ઠેકાણાં અંગે માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. સાથે સાથે આસપાસના સીસીટીવી ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે.

### વર્ષના અંતિમ...

હવામાન વિભાગના વૈજ્ઞાનિકોના જણાવ્યા અનુસાર રાજયમાં આગામી 24 કલાક પછી ઠંડીનો પારો 2થી 3 ડિગ્રી જેટલો નીચે ગગડી જવાની વકી છે. જેના પગલે 2026ના વર્ષમાં પહેલા જ દિવસથી ઠંડી વધવાની છે. બીજી તરફ રાજયમાં સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં માવઠા શરૂ થઈ ગયા છે. બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, જામનગર, મોરબી, દ્વારકા, પોરબંદર અને કચ્છમાં માવઠું થશે. 24 કલાક પછી રાજયમાં આકાશ સ્વચ્છ થઈ જવાની સંભાવના રહેલી છે.

હવામાન વિભાગના સુત્રોએ કહ્યું હતું કે, રાજયના અન્ય શહેરો પૈકી ભૂજમાં 17 ડિ.સે.,નલિયામાં 16 ડિ.સે.,કંડલા પોર્ટ પર 17 ડિ.સે., અમરેલીમાં 14 ડિ.સે., ભાવનગરમાં 17 ડિ.સે.,રાજકોટમાં 15 ડિ.સે.,સુરેન્દ્રનગરમાં 16 ડિ.સે.,મહુવામાં 15 ડિ.સે., અમદાવાદમાં 15 ડિ.સે.,ડીસામાં 14 ડિ.સે., ગાંધીનગરમાં 13 ડિ.સે.,વલ્લભ વિદ્યાનગરમાં 16 ડિ.સે.,વડોદરામાં 15 ડિ.સે.,અને સુરતમાં 16 ડિ.સે. લઘુત્તમ તાપમાન નોંધાવવા પામ્યું છે.

આજે વહેલી સવારથી જ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ જોવા મળ્યું હતું. પોરબંદર શહેર અને તેના ગ્રામ્ય વિસ્તારો તેમજ દ્વારકા અને કલ્યાણપુર પંથકમાં ઝરમર વરસાદ નોંધાયો છે. આ કમોસમી વરસાદને કારણે વાતાવરણમાં ઠંડક તો પ્રસરી છે, પરંતુ ખેડૂતોના ચિન્તામાં મૂકાઈ ગયા છે.

વર્ષ 2025ના અંતિમ દિવસે ગુજરાતના વાતાવરણમાં પલટો આવ્યો છે. ઉત્તર ભારત પર સક્રિય થયેલા મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં કમોસમી વરસાદ શરૂ થયો છે. વહેલી સવારથી જ પોરબંદર અને દ્વારકાના ગ્રામ્ય વિસ્તારોમાં ઝરમર વરસાદ પડતા શિયાળુ પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં છૂટાછવાયા સ્થળોએ વરસાદ પડી શકે છે. જામનગર, મોરબી, દ્વારકા અને કચ્છમાં હળવા માવઠાની સંભાવના છે. આજે સુરત, અમદાવાદ તથા ગાંધીનગર સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વહેલી સવારે વાતાવરણ ગાઢ ધુમ્મસવાળું જોવા મળ્યું હતું.

### નવસારીમાં સિઝનનો...

નોંધાયું હતું. જ્યારે 31 ડિસેમ્બરે મહત્તમ તાપમાન થોડું ઘટીને 30.0 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન વધુ ઘટીને 14.0 ડિગ્રી સેલ્સિયસ થયું છે. સવારે સાપેક્ષ આર્દ્રતા 94થી 95 ટકા જેટલી ઊંચી રહી હતી, જ્યારે સાંજના સમયે તે 33 ટકા આસપાસ નોંધાઈ છે. પવનની ગતિ બંને દિવસો દરમિયાન ખૂબ જ ઓછી રહી હતી અને પવન દિશા શાંત નોંધાઈ છે. ઊંચી આર્દ્રતા અને ઓછી પવન ગતિના કારણે વહેલી સવારમાં ઠંડી વધુ લાગતી જોવા મળી હતી. ઠંડી વધતા લોકો ગરમ કપડાંમાં સજ્જ બન્યા છે અને સવારના સમયે બહાર નીકળતા લોકો અગ્નિ તાપ અથવા ચા-નાસ્તાનો સહારો લેતા જોવા મળ્યા છે. હવામાન નિષ્ણાતોના અંદાજ મુજબ આગામી કેટલાક દિવસો સુધી ઠંડીનો આ જ માહોલ યથાવત રહેવાની શક્યતા છે, જેના કારણે ખાસ કરીને વહેલી સવાર અને મોડી રાતે ઠંડીથી બચવા તકેદારી રાખવાની સલાહ આપવામાં આવી છે.

### સુરતમાં ભેજ...

છે. જ્યારે લઘુત્તમ તાપમાનની વાત કરીએ તો ગઈકાલે તે 15.7 ડિગ્રી હતું, જે આજે વધીને 16.4 ડિગ્રી થયું છે. આમ, રાત્રિના તાપમાનમાં 0.7 ડિગ્રીનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત હવામાં ભેજનું પ્રમાણ પણ નોંધપાત્ર રીતે વધ્યું છે. ગઈકાલે 44 ટકા હતું, જેની સામે આજે 61 ટકા સુધી પહોંચ્યું છે. એટલે કે, ભેજમાં 17 ટકાનો વધારો થયો છે. આ કારણે સવાર અને સાંજના સમયે હવામાન થોડું વધુ ભેજયુક્ત અનુભવાઈ રહ્યું છે. દક્ષિણ-પશ્ચિમ દિશામાંથી 6 કિમી પ્રતિ કલાકની ગતિએ પવન ફુંકાયો હતો.

### આતશબાજી-ડીજે...

ઉજવણીના કારણે રાત્રે ઠેર ઠેર ટ્રાફિક જામ જોવા મળ્યો હતો.

રાત પડતા જ શોખીનો રસ્તા પર ઊતરી આવ્યા હતા. અનેક સોસાયટીઓમાં પણ નાના પાયા પર પાર્ટીનાં આયોજન થયાં હતાં, જેમાં ડીજે મ્યુઝિક સાથે ખાણીપીણીના કાર્યક્રમો યોજાયા હતા. હોટેલો અને રેસ્ટોરન્ટમાં પણ નવા વર્ષની ઉજવણીના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા, જેમાં શોખીનો ઊમટી પડ્યા હતા. સૌથી વધારે ઝાકઝમાળ વેસુના વાય જંક્શનથી લઈને ડુમસ રોડ પર જોવા મળી હતી. અહીં રસ્તા પર જ લોકોએ અડિંગો જમાવી ધમાકેદાર ઉજવણી કરી હતી. કોઈએ ફટાકડા ફોડ્યા હતા, કોઈએ નાચગાન કર્યાં હતાં. કોઈએ ખાણીપીણી કરી હતી તો કોઈએ મિત્રો સાથે વાહનો પર બેઠક જમાવીને ચિચિયારી પાડી હતી. પાલના ગૌરવ પથ પર પણ લોકો ઉજવણી કરવા માટે ઊમટી પડતાં ટ્રાફિકજામ સર્જાયો હતો. આજે ઠંડી પ્રમાણમાં હળવી રહેતાં લોકોનો ઉજવણી કરવાનો ઉત્સાહ બમણો થયો હતો. ઉજવણી માટેનાં જૂનાં અને જાણીતાં સ્થળો પર પણ લોકો મોટી સંખ્યામાં જોવા મળ્યા હતા. આ રસ્તા પર પરિવાર સાથે ઉજવણી કરનારની સંખ્યા વધુ જોવા મળી હતી. ઉજવણી પસંદ નહોતી તેવા લોકોએ ઘરે બેસીને ટીવી પર આવતા કાર્યક્રમોની મજા માણી હતી. આજે મોબાઈલ પર તથા સોશિયલ મીડિયા ઉપર બાય બાય અને વેલકમના મેસેજની ભરમાર રહી હતી.

### દહેગામથી કીમનો...

આવ્યું હતું. હજુ આ રોડ પર પટ્ટા મારવાના, સેફ્ટી બોર્ડ, સાઈન બોર્ડ મારવાના બાકી હોવાથી અગાઉ તા.31મી ડિસેમ્બરે કીમ સુધી ચાલુ કરવાનું બંધ રાખ્યું છે. સિમેન્ટ કોન્ક્રીટ કામ પૂર્ણ થતા પણ બાકી કામ લઈને એકાદ અઠવાડિયામાં પૂર્ણ કરીને કીમ સુધી શરુ કરવામાં આવે એવી સંભાવના છે.

વડોદરા-મુંબઈ એક્સપ્રેસવેનો પેકેજ-5, જે કિમથી દહેગામ સુધીનો પટ આવરી લે છે, તેમાં કામગીરી સતત આગળ વધી રહી છે અને મહિનાના અંત સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા હતી. દહેગામ-કીમ રોડ પર રિજિયોનલ હેડ સુનીલ યાદવે તા.30મી ડિસે.થી બે દિવસની સાઈટ વિઝિટ કરી હતી. બુધવારે કીમથી લઈને દહેગામ સુધીનો રોડ જોયા બાદ કોંન્ક્રિટ કામ સહીત પૂર્ણ થઇ ગયું છે. છતાં હજુ આ રોડ પર થોડો ટચઅપ, રોડ પર પટ્ટા મારવા, સેફ્ટી બોર્ડ અન્ય સાઈન બોર્ડની કામગીરી હજુ બાકી છે. જે માટે લગભગ 30 કિમી દુર પર લગભગ 300 કેટલા લોકો તમામ કામ કરી રહ્યા હોવાથી વાહનો ચલાવવા હિતાવહ નથી. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર રોડ પર પટ્ટા મારવાનું કામ બુધવારે જ રાત્રે પૂરું થઇ જાય એવી ટીમ ઉતારી છે. NHAI દ્વારા સેફ્ટીના મુદ્દો આગાળ ધરીને આ રોડ પર લગભગ 10 બુમર મશીન, 25 JCB અને 11 હિટાચી મશીન ઉતારીને રાત-દિવસ એક કરીને કામે લાગ્યા છે.

### અંડર-19...

પટેલની પસંદગી થતા જિલ્લાભરના ક્રિકેટપ્રેમીઓમાં ખુશીની લહેર ફેલાઈ ગઈ છે. હેનિલની અગાઉ ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા ખાતે રમાયેલી ટુર્નામેન્ટમાં પણ ભારતની ટીમમાં પસંદગી થઈ હતી. જ્યાં હેનિલે ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી પસંદગીકારોનું ધ્યાન ખેંચ્યું હતું. ઓસ્ટ્રેલિયા ખાતે બીજી યુથ ટેસ્ટમાં કુલ 6 વિકેટ લઈ ભારતની જીતમાં મહત્વનો ફાળો આપ્યો હતો. વલસાડ તાલુકાના જૂજવા ગામના અને ખેડૂત પરિવારમાંથી આવતા ઓલરાઉન્ડર પેસ બોલર હેનિલ પટેલને ક્રિકેટમાં આગળ આવવામાં માતા-પિતા, ભાઈ ફેનિલ સહિત મિત્રો અને તેના કોચનો મુખ્ય ફાળો રહ્યો છે. હેનિલ અગાઉ અંડર-16, અંડર-19 ટુર્નામેન્ટ ઉપરાંત કૂચ બિહાર ટ્રોફી પણ રમી ચૂક્યો છે. નોંધનીય છેકે વિશ્વકપ અગાઉ દક્ષિણ આફ્રિકા સામેની ત્રણ મેચ માટેની સિરીઝમાં પણ હેનિલની પસંદગી થઈ છે.

### વલસાડ જિલ્લો...

ભાઈ ફેનિલ અને પિતરાઈ ભાઈઓ અને પરિવારએ પણ ક્રિકેટમાં હેનિલને આગળ આવવામાં મહત્વનો ફાળો રહ્યો છે. અંડર.19 વર્લ્ડ કપમાં હેનિલની પસંદગીની ખુશી કેવી રીતે મનાવી તે અંગે પિતા દિલીપભાઈએ જણાવ્યું કે દીકરાની પસંદગી ક્રિકેટમાં આટલા ઉચ્ચસ્તરે થવી તે અમારા પરિવાર માટે જ નહીં, જૂજવા ગામ અને વલસાડ જિલ્લા ગુજરાત માટે પણ ખુશીનો પ્રસંગ છે, હવે ભારત વિશ્વ ચેમ્પિયન બને પછી જોરદાર ઉજવણી કરીશું, બસ અમારી સાથે તમે પણ ભારતની જીત માટે પ્રાર્થના કરો.

### હજીરામાં રહેલા...

કંપનીમાં 2 અને ઓએનજીસી વિસ્તારમાં 2 પાંજરા મૂકીને કુલ ચાર પાંજરાની વ્યવસ્થા યથાવત રાખવામાં આવી છે. વન વિભાગની ટીમ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ કરી રહી છે અને તમામ સીસીટીવી ફૂટેજ પર સતત નજર રાખવામાં આવી રહી છે. વન વિભાગે ફરી એકવાર સ્થાનિક લોકોને અપીલ કરી છે કે રાત્રિના સમયે અનાવશ્યક રીતે બહાર ન નીકળે, દિપડો નજરે પડે તો તાત્કાલિક વન વિભાગ અથવા પોલીસને જાણ કરે અને અફવાઓથી દૂર રહે.